અને જણાવ્યુ કે, રામભક્તિમાં જીવ લગાડ, તારા જીવનનુ કલ્યાણ થશે. અને મેઘા ખાચરના જીવનમાં પરિવર્તન આવ્યું. મેઘામાં આવેલુ પરિવર્તન જોઇ તેમની પત્નિએ ખીમસાહેબને પોતાના ઘરે લઇ આવવા જણાવ્યુ અને ખીમસાહેબ તેમના ઘરે ગયાં અને મેઘાની પત્નિ ખીમસાહેબની શિષ્યા બની. આવી રીતે ખીમસાહેબનાં દૈવી પરચાથી એક ડાકુનાં જીવનમાં પણ પરિવર્તન આવેલુ.

ખીમસાહેબ એક સમયે કાનન પ્રદેશમાં પરિભ્રમણ અર્થે નીકળેલા ત્યારે તેઓ જ્યાં ભજન કરવા ગયેલા તે રાવલ ભગત નામના એક સદ્‌ગૃહસ્થના ઘરે ખીમસાહેબનાં આશિર્વાદથી સંતાન થયુ હતું. જેનું નામ ભક્તિરામ પાડવામાં આવેલ અને ભક્તિરામ પણ બાલ્યવસ્થાથી પ્રભુભક્તિમાં લીન હતાં. તેઓ થોડો વખત મહારાષ્ટ્રનાં કાનન પ્રદેશમાં રહ્યા પછીથી તેઓ ગુજરાત આવી ખીમસાહેબનાં શિષ્ય બન્યા હતા.

ખીમ સાહેબને જ્યારે લાગ્યુ કે, જીવન ઘણુ જીવાઇ ગયું અને મનુષ્યલોકની મારી યાત્રા પૂર્ણ થઇ છે ત્યારે તેમણે સમાધિમાં બેસવાની ઈચ્છા વ્યકત કરતાં સમાધીનો ખાડો ખોદાયો અને ભજન-કિર્તનની રમઝટ વચ્ચે અનેક સંતો-ભક્તો અને તેમના શિષ્યોની અશ્રુભિની વિદાય વચ્ચે ખીમસાહેબ દરીયાલાલનાં મંદિરમાં એક વૃક્ષ નીચે સમાધીમાં બેસી ગયા અને જેને યોગમાર્ગમાં ‘અખંડ નૂરના સ્વામી’ કહેવાતા હતા એવા ખીમસાહેબે જ્યાં ચંદ્ર-સૂરજની જ્યોતિ જલે છે એવા નૂરમાં પોતાની જાતને સમાવી દીધી.

ખીમસાહેબનું સામાજીક પ્રદાન પણ ખૂબ જ મોટુ હતુ. તેમણે નાતજાતના ભેદભાવ વગર હરિજનો, તુરી, ગરોડા, મેઘવાળ, મુસ્લિમ, વણજારા, ઠાકોર, માછીમાર જેવી ઉપેક્ષીત જાતિઓને ખીમસાહેબે અપનાવીને તે જાતિનાં સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષનુ કાર્ય કરી તે સમયે પ્રવર્તમાન સામાજીક કુરિવાજો - રૂઢિઓ વિરુદ્ધ અભિયાન ચલાવી સમાજને જાગૃત કરવાનું કામ કરેલુ હતુ. ખલક દરીયા ખીમ કેવળ યોગમાર્ગ, ભજનવાણી, અને અધ્યાત્મમાં જ રમમાણ રહેવાને બદલે જ્યારે સામાજીક વિટંબણા આવી ત્યારે તેઓ સમાજને પડખે પણ ઉભા રહ્યા હતા અને જ્યારે વિ. સં. ૧૮૩૦માં કચ્છમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે ખીમસાહેબે મંદિરમાં બેસી રહેવાને બદલે અન્નદાનનું સદાવ્રત ચાલુ કરી ભુખ્યાને ભોજન આપી પશુ-પક્ષીઓને પણ આહાર આપી દરેક જીવોને વહારે ખીમસાહેબ ચડ્યા હતા.

ખીમસાહેબની લગભગ ૩૦ જેટલી પદરચનાઓ મળી આવે છે. જેમાં હિન્દી - ગુજરાતી મિશ્ર રચનાઓ અને કચ્છી ભાષામાં પણ તેમણે રચેલ રચનાઓ જોવા મળે છે. કચ્છી ખારવાઓમાં ખલક દરીયાખીમ, સવર્ણ સમાજમાં દરીયા પીર અને ત્રિકમસાહેબનાં પરિવારમાં રવિ ભાણ સંપ્રદાયના અનુયાયીઓમાં ખીમસાહેબ તરીકે ઓળખાતાં દરીયાપીર ખીમસાહેબ વિશે અનેક પરચાઓ-ચમત્કારોની દંતકથા ગુજરાત - સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં ચાલે છે.

## ભાણ સંપ્રદાયનાં પંથે ચાલનારા

# સંત કુંવરબાઈ – સંત કહાનદાસ

ભાણ સાહેબે સ્થાપેલ ચાર ગાદી પૈકીની ભાણ સંપ્રદાયની પહેલી ગાદી શેરખી ગામે સંવત ૧૭૮૫નાં ચૈત્ર માસના શુકલ પક્ષમાં રામનવમીનાં અભિજીત નક્ષત્રમાં ગુરૂવારના દિને શેરખી ગામે સ્થાપેલ હતી. આ ગાદી પર મહંત તરીકે કહનદાસને બેસાડ્યા હતાં. ભાણસાહેબનાં મોટાભાઇ કહાનદાસ પ્રારંભે વામમાર્ગમાં શ્રદ્ધા ધરાવતાં અને તાંત્રિકો-માંત્રિકોમાં માનતાં. જ્યારે તેમના પત્નિ સંત કુંવરબાઇ પ્રભુભક્તિને સાચો માર્ગ માની ભાણસાહેબનાં પંથને જ સાચો માનતા પણ પતિ કાનદાસના ડરથી તેઓ પતિ કહનદાસનાં તાંત્રિકો-માંત્રિકો સાથેના વહેવારનો વિરોધ કરતાં નહી. પરંતુ, સંત કુંવરબાઇને ભાણસાહેબનાં પરમનૂરની એકવાર ઝાંખી થતાં તેમણે દ્દઢ સંકલ્પ કરી ભાણગુરૂનો પંથ સ્વિકાર્યો. સંત કુંવરબાઇએ શેરખી મંદિરે આવતા સાધુ-સંતોની પતિ કહનદાસની જાણ બહાર સેવા અને આદર સત્કાર કરતા અને પ્રભુભક્તિમાં લીન રહેતાં. એકવાર ભાણસાહેબનાં ઘરે અચાનક સાધુ-સંતો - ભક્તોની મંડળી આવી ચડી ત્યારે ઘરમાં અન્ન - ધાન્ય ન હોય ભોજનની વ્યવસ્થા કરવાની ચિંતામાં ભાણસાહેબ હતા ત્યારે સંત કુંવરબાઇએ પતિ કહનદાસના ડર રાખ્યા વગર પોતાના દાગીનાં પટારામાંથી કાઢીને ભાણસાહેબને સુપ્રત કર્યા અને આ દાગીના ભાણસાહેબે વેચીને તેમાંથી સીધો-સામગ્રી લઇ સાધુ-સંતો-ભક્તોને ભરપેટ જમાડ્યા.

સંત કુંવરબાઇના પતિને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ ક્રોધીત થયા પણ ભાણસાહેબનો અલૌકિક પરચો દેખાણો અને કહાનદાસે પટારામાં જોયુ તો પત્નિ કુંવરબાઇનાં દાગીના જેમના તેમ પડેલા દીઠા. આ બધુ જોયા પછી કહાનદાસ શરમાઇ ગયા અને પશ્ચાતાપ કરી પત્નિને કહેવા લાગ્યા કે, હું ‘વામપંથને સાચો માનુ છુ પણ આ જગત તો ‘ભાણપંથ’ને સાચો સન્માર્ગી પંથ કહે છે. પતિ કહાનદાસમાં આવેલા આ પરિવર્તનથી સંત કુંવરબાઇ ખૂબ જ આનંદિત થયાં અને કુંવરબાઇ વચનકર્મથી ભક્તિ કરતા હતા અને તેઓ આઠેય પહોર હરિનુ ધ્યાન ધરતા અને સત્સંગ કરવા લાગ્યા અને કહાનદાસ પણ ભાણસાહેબની દૈવી પરમશક્તિથી પ્રભાવિત થતાં તેઓ વામમાર્ગમાંથી પાછા વળ્યા અને સંત કુંવરબાઇ અને સંત કહાનદાસ બંનેએ નાનાભાઇ ભાણસાહેબને ગુરૂપદે સ્થાપી તેમના શિષ્ય બન્યા. અને કહાનદાસે વામપંથ છોડી ગળામાં તુલસીની માળા અને લલાટમાં વૈષ્ણવી તિલક ધારણ કરી ભાણસાહેબ પાસે યોગમાર્ગની દિક્ષા લીધી અને ભાણસાહેબ જ્યારે જ્યારે બહાર પરિભ્રમણ કરતા ત્યારે સંત કુંવરબાઇ અને સંત કહાનદાસ વારાહી સ્થાને સાધુ-સંતો-ભક્તો ભાણસાહેબનું નામ સાંભળીને પધારતાં ત્યારે તેઓનો આદર સત્કાર કરી તેમની સેવા કરતાં.

ભાણસાહેબે શેરખીની ગાદીની સ્થાપના કરેલ અને ત્યાંનાં મહંત તરીકે કહાનદાસને બેસાડ્યા હતા. સંત કહાનદાસ અને કુંવરબાઇએ સાધુ-સંતોની ખુબ જ સેવા કરેલ અને એકવાર ભાણસાહેબ શેરખી પધાર્યા અને ત્યાં રોકાયા પછી જ્યારે તેઓ જવાની તૈયારી કરતા હતાં ત્યારે કહાનદાસે અચાનક કહ્યુ કે,

‘મે નિજધામ ગવન કી ત્યારી, આપ રહહું સતગુરૂ બલિહારી,
સપ્તમ દિવસ જાઉ સુખધામા, સત્ય લોક સબ પૂર્ણ કામા’

**સૌજન્ય : ‘વિશ્વ લોહાણા પરિષદ’, તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૯૨૪૨ ૬૦૧૪૬**